# <u>વિધાનસભા 2024 સત્રમાં જાતિય જનગણના પ્રસ્તાવ નો જવાબ</u>

**માનનીય અધ્યક્ષશ્રી,**

**આજે આ સન્માનીય ગૃહમાં જાતિ આધારિત વસતી ગણતરી કરવા માટે મારા સાથી મિત્ર શ્રી અમિતભાઈ ચાવડા જે પ્રસ્તાવ લઇ ને આવ્યા છે તેનાથી આજે ફરી વાર કોંગ્રેસનો આ દેશના નાગરિકો માટે અને ગુજરાતના નાગરિકો માટેનો ભ્રમ ફેલાવવાનો નવો કિમિયો લઇ ને આવ્યા છે. દેશ આઝાદ થયો ત્યારથી માત્ર ને માત્ર જૂઠ ની રાજનીતિ, ભ્રમ ફેલાવવાની રાજનીતિ, ભાગલા પાડવાની રાજનીતિ અને વોટબેંક ની રાજનીતિ આ કોંગ્રેસ હંમેશા કરતું આવ્યું છે અને આજે પણ તેમની આ મનશા પુરવાર થઈ રહી છે.**

માનનીય અધ્યક્ષશ્રી,

આપણો દેશ વિવિધતામાં એકતા સાથે જોડાયેલો દેશ છે આપણે " वसुधैव कुटुम्बकम् " ની ભાવનામાં માનનારા લોકો છીએ અને સર્વે સંતુ સુખિન: ની ભાવના સાથે આપણી સભ્યતા ટકી ને રહેલી છે. પરંતુ કાળક્રમે આપણા દેશની સમૃદ્ધિ પર આપણી જ્ઞાન શક્તિ પર વિદેશી આક્રમણખોરો ની નજર પડી અને થયું શું?

તેમણે નીતિ અપનાવી કે આ દેશમાં ભાગલા પાડો અને લૂંટો આ દેશમાં ભાગલા પાડો અને રાજ કરો, વિદેશી આક્રમણખોરો એ તો આ નીતિ થી દેશ પર રાજ કર્યું અને લૂંટ્યો પણ.

વર્ષ ૧૯૪૭માં ભારત દેશને આઝાદી મળી તે વખતે કોંગ્રેસની સરકાર આવી તેમને પણ દેશમાં ગરીબને ગરીબ, શોષિત ને શોષિત અને વંચિત ને વંચિત રાખવાનાનું કામ કર્યુ તેમણે પણ આ દેશની જનતા સાથે સત્તત અન્યાય કરીને તેમના હક્કો થી તેમને વેગળા રાખ્યા. સમાજ ની મુખ્ય ધારા સાથે ક્યાંય આ લોકો જોડાઈ ના જાય તેની ચિતા સત્તત કોંગ્રેસને સતાવતી.

કારણ કે તેમણે ડર હતો કે જો આ લોકો સમાજની મુખ્ય ધારા માં જોડાઈ જશે તો તેમની વોટ બેંક જતી રહે અને દેશ પર રાજ કરવાની મનશા વાળી સત્તા જતી રહે. તે માટે કૌંગ્રેસે સત્તત ધર્મ, જાત, પ્રાંત, એવા અનેક કારસા રચી દેશને સત્તત આ બધા મુદ્દા પર વિભાજિત રાખ્યો.

દેશની આઝાદી વખતે પણ દેશના ભાગલા પડવાનું કામ આ કોંગ્રેસે કર્યું હતું અને આજે પણ તેમની આ સ્ક્રિપ્ટ માં બદલાવ નથી આવ્યો બદલાયું હોય તો માત્ર ને માત્ર શીર્ષક. આ નવી ટૂલ કીટ જે વિદેશ થી તેમના રિંગ માસ્ટરોએ મોકલી છે તેના આધાર પર ભાગ પાડવાનું કામ ચાલી રહ્યું છે. તેમના રી લોન્ચડ નેતા ને કોઈએ એક રમકડું પકડાવી દીધું છે તે લઈ ને આજે માનનીય સભ્યશ્રી આ વિધાન સભાગૃહમાં વગાડવા લાગ્યા છે. પરંતુ જ્યારે લોકસભામાં કોઇ એમની જાતિ પૂછી લે તો તેમને તેમનું અપમાન લાગે છે તો પછી દેશમાં જાતિગત જનગણના કરીને દેશના બધા નાગરિકોનું અપમાન કરવા માંગે છે કે શું ?

માનનીય અધ્યક્ષશ્રી,

સામાજિક ન્યાયની વાતો કરતા કોંગ્રેસના માનનીય સભ્યશ્રીએ કદાચ છેલ્લા ૨૫ વર્ષથી સૂવાનો ડોળ કર્યો હોય તેવું લાગે છે કારણકે સૂતેલા વ્યક્તિને જગાડી શકાય પરંતુ સૂવાનો જે ડોળ કરતો તેને નહીં જગાડી શકાય. માનનીય નરેન્દ્રભાઈ મોદી સાહેબ જ્યારથી ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી હતા ત્યારથી જ સામાજિક ન્યાય માટે અને દરેક વર્ગના વિકાસ માટે ચિંતા કરી છે અને ઠોસ કાર્યો પણ કર્યા છે

માનનીય અધ્યક્ષશ્રી,

હું આપના માધ્યમથી સદનને સૌ પ્રથમ સામાજિક ન્યાયની અવધારણા બાબતે અવગત કરાવવા માગુ છું. સામાજિક ન્યાયનો સિધ્ધાંત એ સુનિશ્ચિત કરે છે કે સમાજના લાભો અને દાયિત્વોનુ વિતરણ સમાજના તમામ સદસ્યો માટે ન્યાયસંગત અને નિષ્પક્ષ હોય અને આ માટે મૂળભૂત બે સિધ્ધાંતો છે જેમાં “સમાન મૌલિક સ્વતંત્રતાઓનો સિધ્ધાંત" અને “અવસરની નિષ્પક્ષ સમાનતા” જેમાં સમાજના ન્યૂનત્તમ લાભાન્વિત તબક્કાને મહત્તમ લાભ પહોંચાડવાનો જેથી સમાજનો આ તબક્કો સમાજની મુખ્ય ધારામા આવીને રાજ્ય અને રાષ્ટ્રના વિકાસમાં પોતાનું અમુલ્ય યોગદાન આપી શકે.

માનનીય અધ્યક્ષશ્રી

હું આપના માધ્યમથી સદનને અમારી ભારતીય જનતા પાર્ટીના મૂળ દર્શન એકાત્મક માનવવાદ થી અવગત કરાવવા માગું છું તેમજ અમારા ભારતીય જનતા પાર્ટીના બંધારણમાં કલમ- ૪ માં જણાવવામાં આવેલ નિષ્ઠાઓથી પણ સદનને અવગત કરાવવા માગું છું. આ ધારા-૪ માં રાષ્ટ્રવાદ અને રાષ્ટ્રીય એકાત્મકતા, લોકતંત્ર, સામાજિક- આર્થિક વિષયો ઉપર ગાંધીવાદી દ્રષ્ટિકોણ જેનાથી શોષણમુક્ત અને સમતાયુક્ત સમાજની સ્થાપના થઈ શકે, સકારાત્મક પંથ-નિરપેક્ષતા અર્થાત સર્વ-ધર્મ સમભાવના મૂલ્યો પર આધારિત રાજનીતિ અને આર્થિક અને રાજનીતિક વિકેન્દ્રીકરણ પર અમારી પાર્ટી વિશ્વાસ ધરાવે છે.

હું માનનીય અધ્યક્ષશ્રી આપના મધ્યમથી સદનને પૂજનીય પંડિત દિનદયાળ ઉપાધ્યાયજી દ્વારા રજૂ કરવામાં આવેલ એકાત્મ માનવવાદના સિદ્ધાંતમાં રહેલ મૂળભૂત બાબતો જેવી કે ધર્મરાજ્ય અને અંત્યોદયની અવધારણાથી પણ સદનને વાકેફ કરાવવા માગું છું. મારા કોંગ્રેસના અત્રે ઉપસ્થિત સભ્યશ્રીઓને એ બાબતથી માહિતગાર કરવા માગું છું કે આ અંત્યોદયની અવધારણા સમાજના છેવાડાના માનવી સુધી રાજ્યના સંસાધનોનું વિતરણ સુનિશ્ચિત કરવાની જવાબદારી સરકારની છે તેવું અમારી ભારતીય જનતા પાર્ટીનું સ્પષ્ટ માનવું છે અને આ અંત્યોદયની અવધારણા ઉપર જણાવેલ સામાજિક ન્યાયની મૂળભૂત વિચારણા સાથે જ સામ્યતા ધરાવે છે.

આમ, અમારી વિચારધારા સામાજિક ન્યાયને સુનિશ્ચિત કરવા પર આધારિત છે જે અમારી સરકારની વિવિધ યોજનાઓથી પણ સ્પષ્ટ થાય છે જેમાં સમાજ ના પ્રત્યેક વર્ગનો વિકાસ કરવાના લક્ષ્ય સાથે પ્રધાનમંત્રી માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના નેતૃત્વ વાળી કેન્દ્ર સરકાર અને મુખ્યમંત્રી માનનીય શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ની રાજ્ય સરકાર કરી રહી છે. સરકારની યોજનાઓ સમાજના તમામ ધર્મ, જ્ઞાતિ, પ્રાંત, લિંગ, ઉંમર સહિત સમાજના છેવાડા ના માનવી સુધી પહોંચે તેવા અમારી સરકાર ના પ્રયાસ રહ્યા છે.

**માનનીય અધ્યક્ષશ્રી**

માનનીય ધારાસભ્યશ્રી અમિતભાઇ ચાવડાના ઉક્ત પ્રસ્તાવથી એવું પ્રતિત થાય છે કે , રાજ્યમાં સંસાધનોના ઉચિત વિતરણ માટેનો રામબાણ ઇલાજ ફક્ત “જાતીય જનગણના” જ છે, તો માનનીય અધ્યક્ષશ્રી હું આપના માધ્યમથી સદનને ભારત દેશમાં હાથ ધરવામાં આવેલ જાતિગત જનગણનાના ઇતિહાસથી વાકેફ કરાવવા માગું છું.

**માનનીય અધ્યક્ષશ્રી**

ભારતમાં અંગ્રેજોના સમયમાં સૌપ્રથમ જનગણના વર્ષ-1871 માં હાથ ધરવામાં આવેલ હતી, જેનો રિપોર્ટ 1872 ની સાલમાં પ્રસિધ્ધ કરવામાં આવેલ હતો.

ઉક્ત જનગણનામાં નાગરિકોના નામ, ઉંમર, ધર્મ, જાતિ, વર્ગ, વંશ કે રાષ્ટ્રીયતા જેવા મુદ્દાઓ સંદર્ભે માહિતી એકત્રિત કરવામાં આવી હતી.

આમ, 1871 ની જનગણના એ સૌપ્રથમ અધિકારિક રીતની જાતિગત જનગણના કહી શકાય.

આઝાદી પહેલા વર્ષ 1931 માં છેલ્લી જાતિગત જનગણના કરવામાં આવી હતી.

વર્ષ 1947 માં સ્વતંત્રતા મળ્યા બાદ પ્રથમ જનગણના 1951 માં કરવામાં આવી.

વર્ષ 1951ની વસ્તી ગણતરી વખતે તત્કાલીન પ્રધાન મંત્રીશ્રી જવાહરલાલ નેહરુ એ જાતીય જનગણના અટકાવી દીધી હતી અને લોકસભામાં ગૌરવ સાથે જણાવ્યું હતું કે, જાતીય જનગણનાથી સમાજમાં ઊંચ-નીચ ના ભેદભાવ ઊભા થશે અને દેશ જ્ઞાતિવાદના ઝેરમાં વિભાજીત થઈ ટુકડે ટુકડા થઈ જશે.

ત્યારથી લઇ 1951-61-71-81-91 સુધી એકધારા કોંગ્રેસના શાસનમાં પછાત વર્ગોના કહેવાતા હર્મદર્દોને ક્યારેય જાતિગત વસ્તી ગણતરી કરવાનો વિચાર આવ્યો ન હતો.

**કેમ નહતો આવ્યો? ત્યારે તમે ક્યાં હતા?**

છેલ્લે છેલ્લે કોંગ્રેસના શાસનમાં ડૉ. મનમોહનસિંહજીની સરકારે વર્ષ 2011માં અંદાજીત રૂ. 5000 કરોડના ખર્ચે કરાવેલી વસ્તી ગણતરીમાં જાતીય જનગણના પણ કરાવી પરંતુ તેના આંકડા અને અહેવાલ જાહેર કેમ ન કર્યા ??

**ત્યારે તમે ક્યાં ગયા હતા ?? ત્યારે તમારી મંશા ક્યાં ગઈ હતી??**

જો સાચા અર્થમાં પછાત જાતિઓનું હિત તમારા હૈયે વસેલું હતું તો આગળના 54 વર્ષ સુધી શું કરતા હતા?

હું સન્માનીય ગૃહને જણાવવા માંગુ છું કે " Charity Begins at Home " તો શરૂઆત પોતાના ઘરથી કરવી જોઈએ. આઝાદીના 78 વર્ષમાં કોંગ્રેસે 1951 થી 2011 સુધી 60 વર્ષમાં ભાજપના પાંચ વર્ષ 13 મહિના અને 13 દિવસ બાદ કરતા બાકીનો તમામ સમયગાળો એટલે કે 54 વર્ષ સુધી દેશ પર કોંગ્રેસે રાજ કર્યું છે પરંતુ આજ સુધી જાતિય જનગણના કરી નથી અને આંકડાઓ જાહેર કરી શક્યા નથી હવે તમારી મંશા આમાં કંઈક જુદી છે.

**એટલે આ જાતિ જન ગણના કરવા માંગો છો કે મતગણના?**

માનનીય અધ્યક્ષશ્રી,

કોંગ્રેસ દ્વારા જાતીય જનગણનાનો ઉદ્દેશ્ય સામાજિક ન્યાય સુનિશ્ચિત કરવા માટે સંસાધનોના ઉચિત વિતરણનો નથી, પરંતુ ફક્ત અને ફક્ત જાતિગત મુદ્દાઓ ઉપર રાજનીતિ કરવાનો છે. સામાજિક ન્યાયની અવધારણા સાથે કોંગ્રેસને કઈ લાગતું વળગતું નથી.

માનનીય અધ્યક્ષશ્રી,

અમારી સરકાર દ્વારા નામદાર સુપ્રીમ કોર્ટના ચુકાદાને ધ્યાનમાં રાખતા સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં અન્ય પછાત વર્ગો માટેની બેઠકો નક્કી કરવા માટે સમર્પિત આયોગની રચના કરવામાં આવેલ હતી.

આમ, અમારી સરકાર દ્વારા જે-તે સમયની જરૂરિયાત તેમજ નામદાર સુપ્રીમ કોર્ટના ચુકાદા અનુસાર જે પણ કાર્યવાહી હાથ ધરવાની હોય છે તે મુજબ ચોક્કસ પગલાં લેવામાં આવ્યા જ છે. અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર જાતિગત મુદ્દાઓને આધારે કોઈ પણ જાતની રાજનીતિ કરવામાં માનતી નથી.

માનનીય અધ્યક્ષશ્રી

હું આપના માધ્યમથી ગૃહને અવગત કરાવવા માગું છું કે , આપણા યશસ્વી વડાપ્રધાન શ્રી નરેંદ્રભાઇ મોદીના નેતૃત્વ વાળી ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા ભારતના બંધારણમાં સુધારો કરીને 102માં બંધારણીય સુધારા અન્વયે ભારતના બંધારણમાં અનુચ્છેદ 342-એ ઉમેરવામાં આવેલ છે

અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટે પણ ભારતના બંધારણમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટે જે રીતે અનુચ્છેદ 341 અને 342 માં જોગવાઇઓ છે તેને અનુરૂપ જોગવાઇ કરવામાં આવેલ છે.

વધુમાં, ભારત સરકાર દ્વારા જજીસ રોહિણીની અધ્યક્ષતામાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોમાં અનામતના વિતરણ અંગે એક કમિશનની રચના પણ કરવામાં આવેલ છે.

આમ, અમારી ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વ વાળી સરકાર દ્વારા સમાજમાં વૈમનસ્ય ન ફેલાય અને સમાજમા એકતા જળવાઇ રહે તે હેતુથી સમયની જરૂરિયાતોને ધ્યાને લઇને યોગ્ય પગલા લેવામાં ક્યારેય કોઇ ખચકાટ અનુભવેલ નથી.

માનનીય અધ્યક્ષશ્રી,

તારીખ 19/03/2024 કોંગ્રેસ વર્કીંગ કમિટીના સભ્ય તેમજ કોગ્રેંસના નેતૃત્વ વાળી યુપીએ સરકારમાં મંત્રી રહેલા આનંદ શર્મા એ કોંગ્રેસના અધ્યક્ષને એક પત્ર લખ્યો જેમાં તેમણે સ્પષ્ટપણે જાતીગત જનગણનાનો વિરોધ કર્યો છે. તેમણે કહ્યું છે કે , જવાહરલાલ નહેરૂ , ઇન્દિરા ગાંધી , રાજીવ ગાંધી એ જાતિ આધારિત અનામત અને જનગણનાનો વિરોધ કર્યો હતો. પૂર્વ પ્રધાનમંત્રી ઇન્દિરા ગાંધીએ પોતાની પાર્ટીના માટે પ્રચારનું સ્લોગન પણ આપ્યું હતું કે “ના જાત પર , ના પાત પર, પણ મહોર લગેગી હાથ પર “ નારો આપ્યો હતો.

પણ આજે તેમના જ વંશજો આ જાતી જનગણનાનું રમકડું લઇને પોતાનો રાજકીય રોટલો શેકવા નીકળી પડ્યા છે. જેમાં દેશમાં સામાજિક વિભાજનની પરિસ્થિતિ પેદા થાય તેનું કોઇ ભાન રાખ્યું નથી.

**ત્યારે માનનીય અમિતભાઈના ધ્યાનમાં આ પત્ર ના હોય તો તેની અંગ્રેજીમાં કોપી આપને મોકલી આપું. જોઈ લેજો.**

સ્વ.શ્રી રાજીવ ગાંધીજીએ તો મંડલ કમિશનની ભલામણોનો પણ વિરોધ કરતા કહ્યું હતું કે “વી.પી.સિંગની સરકારે મંડલ આયોગની ભલામણો લાગુ કરીને જાતિવાદ વધાર્યો છે અને લોકોના સ્થાપિત હિતોનો ભંગ કર્યો છે જેની વી.પી.સિંગની સરકારે ભારે કિંમત ચૂકવવી પડશે.”

દેશના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરુએ દેશના તમામ રાજ્યોના મુખ્યમંત્રીને એક પત્ર લખી SC/ST અનામતથી સેકન્ડ ગ્રેડના લોકો સિસ્ટમમાં આવશે તેમ જણાવ્યું હતું તે તેમને પસંદ ન હતું અને નોકરીઓમાં અનામત રદ કરવાની વાત કરતા હતા અને અનામતને આપદા તરફ લઇ જતું ગણાવીને ખુબ જ દુઃખ વ્યક્ત કર્યું હતું.

**અમિતભાઈ આ પત્ર ની પણ કોપી મોકલી આપીશ.**

માનનીય અધ્યક્ષશ્રી,

આ બાબત પર થી સ્પષ્ટ થાય છે કે કોંગ્રેસ માત્ર અને માત્ર રાજનીતિક કારણોથી જ જાતિગત જનગણના કરાવવા માગે છે અને સામાજિક સૌહાર્દથી કોંગ્રેસને કોઇ લેવા-દેવા નથી.

એક બાજુ કોંગ્રેસના નેતા અને પૂર્વ વડાપ્રધાન સ્વ.શ્રીમતી ઇન્દીરા ગાંધી એક બાજુ “ના જાત ના પાત ની વાત” કરતા હોવાનું ઉક્ત આનંદ શર્માના પત્રથી પ્રતિત થાય છે તો બીજી બાજુ હાલના કોંગ્રેસના નેતા અને શ્રી ઇન્દીરા ગાંધીના પૌત્ર શ્રી રાહુલ ગાંધી જાતીગત જનગણનાની વાત કરે છે. કોંગ્રેસની વિચારધારામાં મનસા-વાચાકર્મણા થી એકરૂપતા જણાતી જ નથી.

માનનીય અધ્યક્ષશ્રી,

આપણા ગુજરાતની જનતા ખૂબ હોંશિયાર છે અને જાતિગત માનસિકતા અને જાતિગત વૈમન્સ્ય વાળી વિચારધારાને ક્યારેય સ્વીકારતી નથી અને આજ સુધી સ્વીકારી પણ નથી. એટલે જ આટલા વર્ષ થી ગુજરાતની જનતાએ કોંગ્રેસને સત્તાથી દૂર રાખી લાંબો વનવાસ આપ્યો છે.

ગુજરાતની જનતાને ભારતીય જનતા પાર્ટીની અંત્યોદયની વિચારધારને જ સ્વીકારીને અમને સતત આશીર્વાદ આપ્યા છે એ ગુજરાતની જનતાને પણ હું માનનીય અધ્યક્ષશ્રી આપના માધ્યમથી શત્ શત્ નમન અને વંદન કરૂ છું. આપણી ગુજરાતની જનતાએ જ આજે આપણા દેશને વિશ્વફલક પર આપણા દેશનું ગૌરવ વધારી શકે તેવા માનનીય નરેન્દ્રભાઇ મોદીના સ્વરૂપમાં મહાન નેતા આપ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી,

મોરારજી દેસાઇની સરકાર દ્વારા તા. 21/03/1979 ના રોજ મંડળ કમિશનની રચના કરવામાં આવેલ હતી અને ઉક્ત મંડળ કમિશન દ્વારા પૂર્વ વડાપ્રધાન સ્વ.શ્રીમતી ઇન્દીરા ગાંધીની સરકાર વખતે તા. 31/12/1980 ના રોજ તત્કાલીન ગૃહ મંત્રી શ્રી જ્ઞાની જૈલસિંહને રિપોર્ટ સોંપેલ હતો.

માનનીય અધ્યક્ષશ્રી,

કોંગ્રેસના બંન્ને વડાપ્રધાનશ્રીઓ શ્રીમતી ઇંદીરા ગાંધી તેમજ શ્રી રાજીવ ગાંધી દ્વારા મંડળ કમિશનની ભલમણો પ્રત્યે કોઇ કાર્યવાહી હાથ ધરવામાં આવેલ ન હતી અને જે તે સમયે પુર્વ વડાપ્રધાનશ્રી રાજીવ ગાંધી દ્વારા સંસદમાં મંડળ કમિશનની ભલમણ અન્વયે સામજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોને આપવામાં આવેલ અનામતનો વિરોધ પણ કરવામાં આવેલ હતો. શરૂઆતથી જ કોંગ્રેસની અનામત વિરોધી માનસિકતા રહેલી છે અને આજે સામાજિક ન્યાય આપવાની વાત માત્ર ને માત્ર વોટ બેંક ની રાજનીતિ માટે કરવામાં આવી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી,

નામદાર સુપ્રિમ કોર્ટના ઇન્દ્રા સાહ વિરુધ્ધ ભારત સરકારના કેસમાં ચુકાદાને કારણે ઉપસ્થિત થયેલ પરિસ્થતિને ધ્યાનમાં રાખતા સંસદ દ્વારા કુલ 4 બંધારણીય સુધારાઓ કરાયા છે.

જેમાં

1. વર્ષ 1995 ના 77માં બંધારણીય સુધારા,
2. વર્ષ 2000 ના 81માં બંધારણીય સુધારા,
3. વર્ષ 2000 ના 82 માં બંધારણીય સુધારા અને
4. વર્ષ 2002 ના 85 માં બંધારણીય સુધારાનો સમાવેશ થાય છે.

ઉક્ત ચાર બંધારણીય સુધારા પૈકી 3 (ત્રણ) બંધારણીય સુધારા વડાપ્રધાનશ્રી અટલ બિહારી બાજપાઇજીના નેતૃત્વ વાળી એન.ડી.એ. સરકાર દ્વારા લાવવામાં આવેલ હતા. એ સાબિત કરે છે કે સમાજના જરૂરીયાત ધરાવતા વર્ગ જેવા કે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ હોય કે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ હોય તમામ વર્ગોના કલ્યાણ માટે ભારતીય જનતા પાર્ટી હંમેશા અગ્રેસર રહેલી છે.

આપણા યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વ વાળી ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા ભારતના બંધારણમાં 103 માં બંધારણીય સુધારા દ્વારા આર્થિક રીતે નબળા વર્ગો (EWS)ને પણ અનામત આપવા અંગેની જોગવાઇનો ઉમેરો કરીને સામાજિક ન્યાયની સંકલ્પનાને ચરિતાર્થ કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી

ભારતીય જનતા પાર્ટી અનામત જેવા ખૂબ જ સંવેદનશીલ મુદ્દા ઉપર કોઇ પણ જાતની રાજનીતિ કરવામાં માનતી નથી અને અનામતની અવધારણાને સામાજિક ન્યાય તેમજ અંત્યોદયનો ઉધ્ધાર કરવા અંગેનું જ માધ્યમ માને છે.

માનનીય અધ્યક્ષશ્રી,

ભારતના યશસ્વી પ્રધાનમંત્રી અને ગુજરાતના પનોતા પુત્ર શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે 60 વર્ષ થી ચાલતી આવતી તૃષ્ટિકરણ, વિભાજનની કે જ્ઞાતિવાદની રાજનીતિ થી બહાર નીકળી ને વિકાસની રાજનીતિની શરૂઆત કરી છે. રિપોર્ટ કાર્ડ બતાવીને લોકોની સામે જવાનું શરૂ કર્યું છે.એટલે જેની પાસે કોઇ રિપોર્ટ કાર્ડ જ નથી તે લોકો નવા નવા સ્વરૂપે દેશમાં ભાગલા પાડવાનું કામ કરે છે.

મોદીજી માટે તો દેશની સૌથી મોટી જાતી ચાર છે

- ગરીબ,
- યુવા,
- અન્નદાતા,
- નારી.

મોદીજી એ વંચિતોના વિકાસનું ધ્યાન રાખ્યું છે,ગરીબોના કલ્યાણનું ધ્યાન રાખ્યું છે, મોદીજીએ યુવાનોને અગ્રેસર બનાવવા તરફ ધ્યાન રાખ્યું છે, ખેડૂતની ખુશાલીનું ધ્યાન રાખ્યું છે, નારી ના સમ્માનનું ધ્યાન પણ મોદીજી એ રાખ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી,

ગરીબ, ખેડૂત, યુવા, મહિલા તમામ SC / ST/ OBC માં આવે જ છે મધ્યમવર્ગ તમામ  SC / ST / OBC માં આવે જ છે.

- SC / ST માં રોજગારી, શૈક્ષણિક અને રાજકીય અધિકારો બાબા સાહેબે આપ્યા છે.
- તમારી સરકાર હતી ત્યારે OBC ની વાત ન કરી

પણ અમારી સરકારે શિક્ષણ, રોજગાર અને રાજકીય ક્ષેત્રે ૨૭ % ભાગીદારી નક્કી કરી છે.

## ગરીબો માટે

- પીએમ ગરીબ કલ્યાણ અન્ન  યોજના
- પીએમ આવાસ યોજના થી પાક્કા મકાન આપ્યા
- કરોડો શૌચાલય બનાવ્યા
- વિશ્વકર્મા યોજના જે કારીગર વર્ગ માટે છે તે OBC સમાજમાં આવે છે
- આયુષ્યમાન ભારત યોજના
- જન ઔષધિ કેન્દ્રો

જેવી અનેક વિદ યોજના થી ગરીબો નું કલ્યાણ અમારી ભાજપ ની સરકાર સુનિશ્ચિત કરી રહી છે

## યુવાઓ માટે

- સ્ટાર્ટઅપ ઇન્ડિયા
- મુદ્રા લોન
- મેક ઇન ઇન્ડિયા
- સ્કોલરશીપ ની અનેક યોજનાઓ અને
- યુવાઓને સ્કીલ ડેવલપમેન્ટ માટે અનેક યોજનાઓ અમલમાં છે

આ યોજનાઓ થકી યુવાનોને 2047 ના વિકસિત ભારત નું નેતૃત્વ કરવા માટે શક્ષમ અમારી સરકાર બનાવી રહી છે

## ખેડૂતો માટે

- કિસાન સમ્માન નિધિ આપી
- MSP માં ભાવો વધારવા અને MSP માં ખરીદી રાજ્ય સરકારે કરી
- સાધનો આપવા યોજનાઓ આપી
- ગોડાઉન ની સગવડો પુરી પાડી

દેશના અન્નદાતા ને બળ પૂરું પાડવાનું કામ અમારી સરકારે કર્યું છે

## મહિલાઓ માટે

- નારી શક્તિ વંદન અધિનિયમ હેઠળ રાજકીય હિસ્સેદારી આપી
- હર ઘર નલ યોજના થકી દરેક ઘરે પાણી પહોંચાડ્યું
- સખી મંડળો થકી માતાઓ - બહેનો ને આત્મનિર્ભર બનાવી
- ડ્રોન દીદી થકી બહેનો ને સ્વરોજગાર ની તક આપી
- ઉજ્વલ્લા યોજના દ્વારા ધુમાડા માંથી મુક્તિ આપી
- ટ્રિપલ તલાક નાબૂદીકરણ દ્વારા બહેનો ને ન્યાય અપાવ્યો

દેશ ની નારી શક્તિને વિકાસની હરણફાળમાં હંમેશા આગળ રાખી છે

માનનીય અધ્યક્ષશ્રી,

સન્માનીય ગૃહ ના સભ્ય ના પ્રસ્તાવમાં ગુજરાતમાં સામાજીક ન્યાય માટે જાતિ આધારિત વસ્તિ ગણતરી અનિવાર્ય બની ગઇ છે તેમ જણાવી

" The Collection of Statistics Act, 2008 "

મુજબ રાજ્ય સરકારને જરૂરી ગણતરી કરી આંકડા એકઠા કરવાની સત્તા હોવાનું જણાવી રાજ્ય સરકાર સત્વરે સામાજીક - આર્થિક ગણતરી કરાવે તે માટે આ સભાગૃહ ચર્ચા કરે તે મુજબનો પ્રસ્તાવ લાવવામાં આવેલ છે.

તો આ બાબતે માનનીય અદયક્ષશ્રી આપના માદયમથી માનનીય સભ્યશ્રીનું એ બાબતે દયાન દોરવા માંગુ છું કે,

The Census Act-1948 અને The Collection of Statistics Act, 2008  બંને અલગ - અલગ છે.

“ The Collection of Statistics Act, 2008 ” ની કલમ ત્રણ મુજબ રાજ્ય સરકારની બંધારણને અનુસૂચિ-૭ માં  આપવામાં આવેલ કેન્દ્રીય યાદી પૈકીના વિષયો ઉપર કોઇપણ પ્રકારની આંકડાકીય માહિતી એકત્રિત કરવાની સત્તા આપતી નથી. જ્યારે વસ્તિ ગણતરી એ કેન્દ્રીય યાદી પૈકીનો વિષય છે.

અને આ માટે ભારત સરકાર દ્વારા The Census Act-1948 ( વસ્તિ ગણતરી અધિનિયમ-1948) અને આ કાયદા અનુસાર ભારત સરકાર દ્વારા દર 10 વર્ષે વસ્તિ ગણતરી કરાવવામાં આવે છે.

આમ, વસ્તિ ગણતરી કરવી એ એક વૈધાનિક પ્રક્રિયા છે. જે કેન્દ્ર સરકાર હસ્તકની બાબત છે. અને આ માટે ભારત સરકારમાં ગૃહ મંત્રાલય અંતર્ગત મહારજીસ્ટ્રાર કાર્યાલય નવી દિલ્હીની સૂચના અનુસાર વસ્તિ ગણતરી સમગ્ર ભારતમાં કરાવવામાં આવે છે.

માનનીય સભ્યશ્રી આ પ્રસ્તાવ લાવે છે પરંતુ તેમને આટલી મુળભુત બાબતનું પણ જ્ઞાન નથી.

માનનીય અધ્યક્ષશ્રી,

હું એ પણ જણાવવા માંગુ છું કે, અલગ-અલગ રાજ્યમાં કરવામાં આવતી જાતિ-આધારિત વસ્તિ ગણતરી The Census Act-1948 હેઠળ કરવામાં આવતી નથી. પરંતુ અલગ-અલગ સર્વે ના નામે કરાવવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી ,

હકીકતમાં આ કાયદા હેઠળ માનનીય સભ્યશ્રી જે પ્રસ્તાવ લઇને આવ્યા છે તે આ ગૃહમાં કાયદાકીય રીતે ટકતો નથી. પરંતુ અમે પરિસ્થિતિથી ભાગવા માગતા નથી અને નૈતિક રીતે સન્માનીય ગૃહને વાસ્તવિકતા થી વાકેફ કરવા માટે ચર્ચા ના ફોરમ પર આવ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી ,

અનેકવિધ યોજનાઓ દ્વારા સમાજના દરેક વર્ગને દરેક ક્ષેત્રે પ્રગતિ થાય તેવી નીતિ પ્રધામંત્રીશ્રી  નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલની રહી છે.

- આજે આપણો  દેશ ચંદ્ર પર ત્રિરંગો લહેરાવી રહ્યું છે અને સામાજિક ન્યાય પણ આપી રહ્યો છે.
- આજે આપણો દેશ વિશ્વ બંધુ તરીકે ઉભરી રહ્યો છે અને સામાજિક ન્યાય પણ આપી રહ્યો છે.
- આજે આપણો દેશ વિશ્વના ત્રીજા મોટા અર્થતંત્ર બનાવા જઈ રહ્યો છે અને સામાજિક ન્યાય પણ આપી રહ્યો છે.
- આજે આપણો દેશ સુશાસનની નીતિ થી સામાજિક ન્યાય પણ આપી રહ્યો છે.

માનનીય અધ્યક્ષ શ્રી ,

એક હિન્દી ફિલ્મમાં એક પ્રખ્યાત ડાયલોગ આવે છે “બડે બડે દેશો મે છોટી છોટી બાતે હોતી રહતી હૈ” પરંતુ મોદીજી એ તો રાજનીતિનું વિઝન બદલીને દરેક નાની વાત ભેગી કરીને દેશને ગૌરવ અપાવ્યું છે.

ભલે પછી એ સ્વચ્છ ભારતની વાત હોય કે શૌચાલય બનાવવાની વાત હોય,

“એક પેડ મા કે નામ” જેવા અભિયાનથી પર્યાવરણના સંરક્ષણની વાત હોય.

નાના માં નાના મુદ્દા પર મોદીજીએ કામ કરીને સમાજના દરેક વર્ગનું ધ્યાન રાખ્યું છે.

દેશને વિભાજીત કરવાની સમાજમાં અરાજકતા ફેલાવનારા તત્વો ભારતીય જનતા પાર્ટીની સરકાર સાંકૃતિક વિરાસતની સાથે વિકાસની રાજનીતિ કરી રહી છે અને હંમેશા કરતી જ રહેશે. આપણી સંકૃતિમાં તો સામાજિક સમરસતાના ઉત્કૃષ્ઠ ઉદાહરણ રહેલા છે.

સૌના સાથ , સૌના વિકાસના મંત્ર સાથે હું મારી વાતને વિરામ આપું છું.

જય જય ગરવી ગુજરાત
જય હિન્દ જય ભારત

—----------------------------------